૧૩મું મૌન અષ્ટક: શ્લોક-૧

મન્યતે યો જગત્તત્ત્વં, સ મુનિઃ પરિકીર્તિતઃ
સમ્યક્ત્વમેવ તન્મૌનં, મૌનં સમ્યક્ત્વમેવ વા.

શબ્દાર્થ: યઃ = જે, જગતત્ત્વં = જગતના સ્વરૂપને, મન્યતે = જાણે છે, મુનિઃ = મુનિ, પરિકીર્તિતઃ = કહેવાય છે, તત્ = તેથી, સમ્યક્ત્વં = સમ્યક્ત્વ, એવ = જ, મૌનં = મુનિપણું, વા = અથવા, સમ્યક્ત્વમેવ = સમ્યક્ત્વ જ છે.

શ્લોકાર્થ: જે જગતના સ્વરૂપને જાણે છે તે મુનિ કહેવાય છે. તેથી સમ્યક્ત્વ જ મુનિપણું છે અથવા મુનિપણું એ જ સમ્યક્ત્વ છે.

ભાવાર્થ: પૂર્ણતા, મગ્નતા, સ્થિરતા, મોહત્યાગ, જ્ઞાન, શમભાવ, ઈન્દ્રિયજય, ત્યાગ, ક્રિયા, તૃપ્તિ, નિર્લેપતા અને નિસ્પૃહતા આમ શરૂઆતના ૧૨ અષ્ટકમાં સમજાવેલા સર્વે ગુણો નિર્ગ્રંથ મુનિનો જ હોય છે. જે મુનિ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગી છે તે મુનિને જ આવા ગુણો હોઈ શકે છે.

શંકા: બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર પરિગ્રહમાં શું ફેર છે?
સમાધાન: ધન, સ્વજન, સગા-સંબંધી, ઘર વગેરે બાહ્ય પરિગ્રહ કહેવાય છે.
ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મમત્વ વગેરે અભ્યંતર પરિગ્રહ કહેવાય છે.

આ સંસારમાં ઘણા જીવો બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને દીક્ષા લઈ સાધુ થાય છે પણ અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરતા નથી. તે સાધુ સાચા નિર્ગ્રંથ નથી. સાધુનો વેષ રાખીને પોતાની જાતને નિર્ગ્રંથ માનતા અભિમાન વાળા જીવો પણ હોય છે.
અભિમાન બે જાતનું હોય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત.
→

# ૧૩મું મૌન અષ્ટક : શ્લોક-૯

શંકા: પ્રશસ્ત અને અપ્રશસ્ત અભિમાન કોને કહેવાય?

સમાધાન: સુદેવ, સુગુરુ અને સુધર્મ મળ્યા છે તેનું અભિમાન કરવું કે હું વીતરાગ તીર્થંકર પરમાત્માનો સેવક છું. મેં જિનવાણી, શાસ્ત્રો વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો છે વગેરે. આ પ્રશસ્ત એટલે કે શુભ અથવા સારું અભિમાન કહેવાય.

શાસ્ત્રમાં કહ્યું છે તેવું સારું ચારિત્ર કે સદાચાર ન હોય, નિર્ગ્રંથતા પણ સારી ન હોય અને પોતાની જાતને ત્યાગી મહામુનિમાં ખપાવે તે અપ્રશસ્ત (અશુભ અથવા ખોટું) અભિમાન કહેવાય છે.

શંકા: આ શ્લોકમાં મુનિની ચર્ચા છે, તો આ અષ્ટકને "મૌન અષ્ટક" કેમ કહો છો?

સમાધાન: સામાન્ય રીતે "મૌન" એટલે "ન બોલવું". આ અષ્ટકમાં મુનિને માટે મૌનની વિચારણા કરવામાં આવી છે. "મૌન" શબ્દ "મુનિ" શબ્દ પરથી આવ્યો છે. આ શ્લોકની પહેલી લીટીમાં જ "મુનિ" શબ્દની વ્યાખ્યા કરી છે.

મન્યતે યો જગત્ તત્ત્વં સ મુનિઃ પરિકીર્તિતઃ

આ પદનો અર્થ એ છે કે જગતના તત્ત્વને જે જાણે છે તે મુનિ કહેવાય છે.

શંકા: શું ઉપરની મુનિની વ્યાખ્યા પ્રમાણે દરેક સાધુ મુનિ હોય છે?

સમાધાન: ગૃહસ્થ દીક્ષા લઈ સાધુ બને એટલે તેમને માટે મુનિ મહારાજ સામાન્ય રીતે કહેવાય છે. દીક્ષા લેતા જ સાધુ છઠ્ઠા ગુણસ્થાને આવે છે. ચોથા ગુણસ્થાને પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન છઠ્ઠા ગુણસ્થાનકે ચાલુ રહે છે, એમ દ્રવ્યથી કહી શકાય, ભાવથી ન પણ હોય.

હવે દ્રવ્ય સાધુનો ભાવ સાધુ બનવાનું છે. એટલે

→

૧૩ મું મૌન અષ્ટક: શ્લોક-૯

સમકિત ને (સમ્યગ્દર્શનને) પણ એટલું નિર્મળ કરવાનું છે.
આ શ્લોકમાં આપેલી મુનિની વ્યાખ્યા ભાવસાધુ માટે છે.

એટલે આ શ્લોકમાં કહ્યું કે જગતના તત્ત્વને જે જાણે છે તે મુનિ છે. શ્લોકની બીજી લીટીમાં કહ્યું કે સમ્યક્ત્વ એ જ મૌન એટલેકે મુનિપણું છે અને મૌન એટલેકે મુનિપણું એ જ સમ્યક્ત્વ છે.
મુનિના ધર્મનો મૌન કહો કે સમ્યક્ત્વ કહો એ બંને એક જ છે.
આ કથન એવંભૂત નયથી કરવામાં આવ્યું છે.

શંકા: એવંભૂત નય સંક્ષેપમાં સમજાવશો?

સમાધાન: નય એટલે વસ્તુને કે વ્યક્તિને જોવાની દૃષ્ટિ (View point). અનેક દૃષ્ટિથી જોઈ શકાય. એટલે નયો પણ ઘણા છે. સંક્ષેપમાં તેના છ વિભાગ કરવામાં આવ્યા છે. તત્ત્વાર્થસૂત્રના પહેલા Chapter માં (પહેલા અધ્યાયના) છેલ્લા બે શ્લોકમાં નયની સમજણ આપી છે. પ્રથમના ત્રણ નયો, નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, એ વ્યવહાર દૃષ્ટિથી છે. છેલ્લા ત્રણ શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નિશ્ચય દૃષ્ટિથી છે.

એવંભૂત નય પ્રમાણે શબ્દો ક્રિયાવાચી હોવા જોઈએ. એટલેકે જે સમયે જે ક્રિયા થતી હોય તે પ્રમાણે શબ્દ વાપરવો પડે. ડોક્ટર ઈલાજ કરે ત્યારે જ ડોક્ટર કહેવાય. પ્રોફેસર class માં લેક્ચર આપે ત્યારે જ પ્રોફેસર કહેવાય બાકીના સમયે નહિ.

એવંભૂત નય પ્રમાણે તે જ જ્ઞાન, જ્ઞાન કહેવાય કે જે તેને અનુરૂપ શ્રદ્ધા પ્રગટાવે, અને તે જ શ્રદ્ધા, શ્રદ્ધા કહેવાય કે જે તે પ્રમાણે આચરણ કરાવે. અર્થાત્ જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ એમ ત્રણેનો યોગ હોય તો જ એ સમ્યક્ત્વ કહેવાય. એવું સમ્યક્ત્વ મુનિમાં હોવું જોઈએ. આવું મુનિપણું હોય તો જ તે સાચું મૌન કહેવાય. આથી સમ્યક્ત્વ અને મુનિપણા વચ્ચે કોઈ ભેદ નથી. બંને અભેદરૂપ છે, કારણકે યથાર્થ જગતસ્વરૂપનું જ્ઞાન એ સમકિત છે.

૧૩ મું મૌન અષ્ટક: શ્લોક-૨

આત્માત્મન્યેવ યચ્છુદ્ધં, જાનાત્યાત્માનમાત્મના
સેયં રત્નત્રયે જ્ઞપ્તિ, રુચ્યાચારૈકતા મુનેઃ

શબ્દાર્થ: આત્મા = આત્મા, આત્મનિ = આત્માને વિષે, એવ = જ, (આત્માત્મન્યેવ = આત્મા + આત્મનિ + એવ), યત્ = જે, શુદ્ધં = શુદ્ધ, (જાનાત્યાત્માનમાત્મના = જાનાતિ + આત્માનમ્ + આત્મના), જાનાતિ = જાણે છે, આત્માનં = આત્માને, આત્મના = આત્મા વડે, સેયં = આ, રત્નત્રયે = દર્શન, જ્ઞાન, અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં, જ્ઞપ્તિરુચ્યાચારૈકતા = જ્ઞપ્તિ (જ્ઞાન) + રુચિ (શ્રદ્ધા) + આચાર + એકતા એટલે (ત્રણેની) અભેદ પરિણતિ, મુનેઃ = મુનિને (હોય છે.)

શ્લોકાર્થ: આત્મા, આત્મા વડે, આત્મામાં જ વિશુદ્ધ (સર્વકર્મરહિત) આત્માને જાણે એ આ રત્નત્રયમાં (દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ રત્નમાં) જ્ઞાન (જ્ઞપ્તિ), શ્રદ્ધા (રુચિ) અને આચારની અભેદ પરિણતિ મુનિને હોય છે.

ભાવાર્થ: સમકિતધારી મુનિમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની અભેદ પરિણતિ હોવી જોઈએ. આ અભેદ પરિણતિ કઈ રીતે થાય? તે માટે આત્મસ્વરૂપની પ્રક્રિયા અહીં બતાવી છે, આ પ્રક્રિયા બતાવવા માટે વ્યાકરણની ચાર વિભક્તિ (કારક) નો અહીં ઉપયોગ કર્યો છે.

આત્મસ્વરૂપ :— [જ્ઞાનાદિ ગુણો]

(૧) કર્તા. જાણનાર કોણ છે? — આત્મા છે.
(૨) કર્મ કોને જાણે છે? — આત્માને જાણે છે.
(૩) કરણ શેના વડે જાણે છે? — આત્મા વડે જાણે છે.
(૪) અધિકરણ પ્રાપ્ત કરેલું આત્મ સ્વરૂપ ક્યાં રાખવાનું છે? — આત્મામાં

ઉપરના ચારેકને ભેગા કરીએ તો કહેવાય કે:— આત્મા, આત્માને, આત્માવડે, આત્મામાં જાણે છે.

૧૩ મું મૌન ૨૦૨૪: શ્લોક-૨

**શંકા:** આ ચાર 'કારક' ને જરા વિસ્તારથી સમજાવશો?

**સમાધાન:** અવશ્ય. જુઓ વ્યાકરણમાં છ કારક કહ્યા છે.
(૧) કર્તા (૨) કર્મ (આત્મા ઉપર લાગતા કર્મો ન સમજવા),
(૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન અને (૬) આધાર (અધિકરણ)

(૧) જ્ઞાનાદિ ગુણોનો (કર્તા) કોણ છે? આત્મસ્વરૂપનો જાણનાર કોણ છે? — આત્મા

(૨) આત્મતત્ત્વ જાણવું અને તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એ આત્માનું કાર્ય છે, અને તે આત્મા જ છે. માટે આત્માને મેળવવા લાયક (કર્મ) કારક પણ આત્મા જ છે.
ટૂંકમાં આત્મા શું અથવા કોને જાણે છે? — આત્માને

(૩) આત્મા જેટલા પ્રમાણમાં આત્મદશામાં સ્થિર રહે તેટલા પ્રમાણમાં તેનાથી જ કર્મોની નિર્જરા થતાં પૂર્ણ ગુણવાળો આત્મા પ્રાપ્ત કરી શકાય છે. માટે આત્મતત્ત્વની પ્રાપ્તિનું (કરણ) કારક પણ આત્મા જ છે.
ટૂંકમાં આત્મસ્વરૂપ શેના વડે જણાય છે? — આત્મા વડે

(૪) (સંપ્રદાન) કારક
પ્રગટ કરેલું (પ્રાપ્ત કરેલું) આત્મસ્વરૂપ આત્માને જ આપવાનું છે અને કોઈ પરદ્રવ્યને આપવાનું નથી.
માટે સંપ્રદાન કારક પણ આત્મા જ છે.
ટૂંકમાં આત્મસ્વરૂપ કોને આપવાનું છે? — આત્માને

(૫) (અપાદાન) કારક:
આત્માનું શુદ્ધસ્વરૂપ ક્યાંથી મેળવવાનું છે? જ્યાંથી મેળવવાનું હોય તેને અપાદાન કારક કહેવાય છે. આત્મસ્વરૂપ તો પોતાના આત્મામાં જ સત્તામાં રહેલું છે એટલે ત્યાંથી જ મેળવવાનું છે. એટલે આત્મા અપાદાન કારક કહેવાય.
ટૂંકમાં: ક્યાંથી મેળવવાનું (પ્રાપ્ત કરવાનું) છે? — આત્મામાંથી.

૧૩ મું મૌન અવસર: શ્લોક-૨

(૬) આધાર અર્થ અથવા અધિકરણ અર્થ :
પ્રાપ્ત કરેલું આત્મસ્વરૂપ ક્યાં રાખવાનું (મૂકવાનું) છે?
બીજે ક્યાંય નહિ પણ આત્મામાં જ મૂકવાનું છે.
એટલે અધિકરણ (આધાર) પણ આત્મા જ છે.

આ શ્લોકમાં છ માંથી ચાર અર્થનો ઉપયોગ થયો છે
કર્તા, કર્મ, કરણ અને આધાર (અધિકરણ).

શંકા: શું તમે સમજાવેલા કારકો ફક્ત આત્મામાં જ ઘટે?

સમાધાન: જરા સમજો. અહીં ફક્ત આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોની વાત છે. તેમજ અભેદરૂપે આત્મસ્વરૂપની પ્રાપ્તિની વાત છે એટલે બધાનો જવાબ આત્મા જ હોય વ્યવહારમાં એવું ના બને.

શંકા: વ્યવહારિક દ્રષ્ટાંતથી જરા સમજાવશો?

સમાધાન: ઉદાહરણ તરીકે:-
રમેશ તેના મિત્ર દિનેશને Laptopમાંથી ફોટો Email દ્વારા મોકલ્યો અને દિનેશે પોતાના કમ્પ્યુટરમાં save કર્યો.

| | | જવાબ |
|---|---|---|
| કર્તા: | કોણ? | રમેશ |
| કર્મ: | શું? / કોને મોકલે છે? | ફોટો / ફોટાને |
| કરણ: | શેના વડે | Email દ્વારા |
| સંપ્રદાન: | ફોટો કોને મોકલે છે? | દિનેશને |
| અપાદાન: | ક્યાંથી મોકલે છે? | પોતાના Laptopમાંથી |
| અધિકરણ: | મળેલું ક્યાં રાખ્યું? (મળેલો ફોટો) ક્યાં રાખ્યો? | દિનેશના કમ્પ્યુટરમાં |

૧૩ મું અષ્ટક: શ્લોક-3

ચારિત્રમાત્મચરણાદ્ જ્ઞાનં વા દર્શનં મુનેઃ
શુદ્ધજ્ઞાનનયે સાધ્યં ક્રિયાલાભાત્ ક્રિયાનયે (3)

શબ્દાર્થ: ચારિત્રં = ચારિત્ર, આત્મચરણાત્ = આત્માને વિષે ચાલવાથી, જ્ઞાનં = જ્ઞાન, વા = અને, દર્શનં = દર્શન, મુનેઃ = મુનિને, શુદ્ધજ્ઞાનનયે = શુદ્ધ જ્ઞાનનય પ્રમાણે, સાધ્યં = સાધ્ય છે, ક્રિયાલાભાત્ = ક્રિયાના લાભથી, ક્રિયાનયે = ક્રિયાનય પ્રમાણે.

શ્લોકાર્થ: શુદ્ધ જ્ઞાનનયના અભિપ્રાયે (મતે) મુનિને આત્મામાં ચાલવાથી ચારિત્ર, જ્ઞાન અને દર્શન સાધ્ય છે. ક્રિયાનયના અભિપ્રાયે (જ્ઞાનના ફળરૂપ) ક્રિયાના લાભથી મુનિને જ્ઞાન, દર્શન અને ચારિત્ર સાધ્ય છે.

ભાવાર્થ: મુનિને જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ જુદા જુદા નય પ્રમાણે કેવી રીતે સિદ્ધ થાય છે તે અહીં જણાવે છે.

સૌ પ્રથમ એક વાત સમજવી જરૂરી છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે એકબીજાથી સ્વતંત્ર, અલગ અલગ નથી. એ ત્રણે એકબીજા સાથે એવા સંલગ્ન (જોડાયેલા) છે કે સાધનાથી ત્રણેનો અભેદ (એક બીજાથી અલગ નહીં તેમ) સિદ્ધ થઈ શકે છે. અર્થાત્ ભિન્ન ભિન્ન નયથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેને એક તરીકે બતાવી શકાય છે, ત્રણેને બે રીતે પણ બતાવી શકાય અને ત્રણેને ત્રણ તરીકે પણ બતાવી શકાય છે.

શુદ્ધ જ્ઞાનનયના મતે પુદ્ગલભાવોથી એટલે પરભાવની પ્રવૃત્તિનો ત્યાગ કરવો, અને સ્વભાવ દશામાં લીન થવું (એટલે કે આત્માની વિષે ચાલવું) એ જ ચારિત્ર છે. આ નય પ્રમાણે આત્મજ્ઞાનમાં સ્થિરતા, આત્મજ્ઞાનમાં રમણતા એ જ ચારિત્ર. જ્ઞાન અને ચારિત્રનો અભેદ છે. આ નય કહે છે કે આત્માનો જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ જ ચારિત્ર છે. જ્ઞાનગુણમાં જ તલ્લીન થવું તે ચારિત્ર કહેવાય છે.

13 મું અષ્ટક: શ્લોક-3

ક્રિયા નય એમ માને છે કે કેવળ આત્મરમણતા એ ચારિત્ર નથી, પણ તેને અનુરૂપ જો ક્રિયા થાય તો જ તે ચારિત્ર છે. જ્ઞાનથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને વૈરાગ્યથી આશ્રવનિરોધ થાય છે. આશ્રવોના નિરોધથી કર્મ બંધાતા નથી અને તપથી કર્મની નિર્જરા થાય છે. એટલે આત્મરમણતા પછી તે મુજબની ક્રિયા થાય તો તે ચારિત્ર છે. આ નય કહે છે કે પાણીમાં તરવા વિશે કેવળ જ્ઞાન જ હોય અને પાણીમાં રહીને તરવાનો અભ્યાસ ન હોય તો તરી ન શકાય. તરવાના જ્ઞાન સાથે પાણીમાં હાથપગ હલાવવા રૂપી ક્રિયા પણ થવી જોઈએ.

'આત્માને વિષે ચાલવું' એનો અર્થ એ કે પુદ્ગલની પ્રવૃત્તિમાં નિવૃત્તિ થવી જોઈએ. આ નિવૃત્તિ એટલે ચારિત્ર.
આત્માને વિષે ચાલવું તે બોધસ્વરૂપ છે.
બોધસ્વરૂપ હોવાથી જ્ઞાન છે.

આત્માને વિષે ચાલવું એટલે જિનેશ્વર ભગવાનના વચનોમાં શ્રદ્ધા કરવી. એટલે તે સમ્યગ્દર્શન છે.

આમ આત્માને વિષે ચાલવું એમાં જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ ત્રણેનો સમન્વય થાય છે.
એટલે આત્મસ્વરૂપમાં રમણતા કરવાથી મુનિને જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે સાધ્ય બને છે.

૧૩મું મૌન અષ્ટક: શ્લોક ૪ - શ્લોક ૫

યતઃ પ્રવૃત્તિર્ન મણૌ, લભ્યતે વા ન તત્ફલમ્
અતાત્ત્વિકી મણિજ્ઞપ્તિ-ર્મણિશ્રદ્ધા ચ સા યથા — ૪

તથા યતો ન શુદ્ધાત્મ - સ્વભાવાચરણં ભવેત્
ફલં દોષનિવૃત્તિર્વા, ન તજ્જ્ઞાનં ન દર્શનમ્ — ૫

શબ્દાર્થ: શ્લોક-૪
યથા = જેમ, યતઃ = જેથી, મણૌ = મણિને વિષે, પ્રવૃત્તિઃ ન = પ્રવૃત્તિ ન થાય, વા = અથવા, તત્ફલં = પ્રવૃત્તિનું ફળ, ન લભ્યતે = ન પ્રાપ્ત થાય, સા = તે, અતાત્ત્વિકી = અવાસ્તવિક, મણિજ્ઞપ્તિઃ = મણિનું જ્ઞાન, ચ = અને, મણિશ્રદ્ધા = મણિની શ્રદ્ધા

શબ્દાર્થ: શ્લોક-૫: તથા = તેમ, યત = જેથી, શુદ્ધાત્મસ્વભાવાચરણં = શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ, વા = અથવા, દોષ નિવૃત્તિ = દોષની નિવૃત્તિરૂપ, ફલં = ફળ, ન ભવેદ્ = ન થાય, તત્ = તે, જ્ઞાનં = જ્ઞાન, ન = નથી, દર્શનં = શ્રદ્ધા, ન = નથી.

(૪) શ્લોકાર્થ: જેમ મણિનું જ્ઞાન હોવા છતાં મણિ મેળવવાની પ્રવૃત્તિ ન થાય, અથવા પ્રવૃત્તિ કરવા છતાં (મણિની પ્રાપ્તિરૂપ) ફળ ન મળે તે મણિનું જ્ઞાન અને મણિની શ્રદ્ધા અતાત્ત્વિકી (અવાસ્તવિક - મિથ્યા) છે.

શ્લોકાર્થ: (૫)
(૫) તેમ જેનાથી શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ એટલે રમણતારૂપ આચરણ ન થાય અથવા (આચરણ કરવા છતાં) રાગાદિ દોષોની નિવૃત્તિ ન થાય, તે જ્ઞાન જ્ઞાન નથી અને દર્શન (શ્રદ્ધા) દર્શન નથી.

શ્લોક-૪ ભાવાર્થ: જે રત્નમણિ નથી પરંતુ ચમકવાળો પથ્થર અથવા કાચનો ટુકડો છે. કાચના ટુકડામાં આ મણિ છે એવા ભ્રમાત્મક જ્ઞાનથી રત્નનું ફળ પ્રાપ્ત થતું નથી.

મૌન
૧૩ મું અધ્યાય: શ્લોક ૪-૫

અસાધુમાં સાધુનો આરોપ કરવામાં આવે છે તે અતાત્ત્વિક જ્ઞાન, તત્ત્વરહિત જ્ઞાન કહેવાય છે.
તથા અસાધુમાં સાધુપણાની શ્રદ્ધા કરવામાં આવે છે. આ બન્ને મિથ્યાજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધા હોવાથી તેનું કંઈ ફળ મળતું નથી. સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા જ જીવને ફળ આપનાર છે. તેથી આત્માને યથાર્થપણે ઓળખવો કે આત્મા સ્વયં જ્ઞાનમય છે.

શ્લોક-૫ ભાવાર્થ. જો હાલ દ્રવ્યચારિત્ર હોય પણ તે દ્રવ્યચારિત્ર ભવિષ્યમાં ભાવચારિત્રનું કારણ બને તેવું હોય અર્થાત્ ભાવચારિત્રની પૂર્વભૂમિકારૂપ હોય તે ભલે દ્રવ્યચારિત્ર હોય તો પણ આત્મકલ્યાણકારી હોવાથી પૂજનીય, વંદનીય છે.
પરંતુ જે દ્રવ્યચારિત્ર ભવિષ્યમાં પણ ભાવચારિત્રનું કારણ ન બને તેવું હોય તેને એકાન્ત દ્રવ્યચારિત્ર કહેવાય છે.

અર્થાત્ આત્મા નિત્ય જ છે અથવા આત્મા અનિત્ય જ છે. આત્મા દેહથી ભિન્ન જ છે અથવા આત્મા દેહથી અભિન્ન જ છે. અથવા આત્મા સર્વવ્યાપી છે વગેરે મિથ્યા માન્યતાઓ પૂર્વકનું જ્ઞાન અને મિથ્યા માન્યતાઓ પૂર્વકની શ્રદ્ધારૂપ દર્શન જેમાં વર્તે છે તેવા મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનથી યુક્ત એવા એકાન્ત દ્રવ્ય આચરણવાળા ચારિત્રથી આત્મકલ્યાણ થતું નથી.
તે દ્રવ્યચારિત્રવાળામાં રહેલું જ્ઞાન તે જ્ઞાન નથી અને તેમાં રહેલું દર્શન તે દર્શન નથી.

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે જે જ્ઞાન હોય છે તે વિદ્વત્તાવાળું જ્ઞાન હોઈ શકે છે. માન મોભાની લાલસાવાળું જ્ઞાન હોઈ શકે છે. પોતાને પૂજાવાની અને બીજાને રીઝવવાની ભાવનાવાળું જ્ઞાન હોઈ શકે છે, પરંતુ મારો આત્મા નિર્મળ કેમ થાય? મારું સત્તાગત શુદ્ધ સ્વરૂપ કેમ પ્રાપ્ત કરું? આવા પ્રકારના શુદ્ધ આત્મસ્વભાવના આલંબનવાળું જ્ઞાન હોતું નથી, તેથી તે જ્ઞાન વાસ્તવિક જ્ઞાન કહેવાતું નથી. તળાવ, નદી કે સરોવરના પાણી ઉપર ઉડતા પક્ષીની જે છાયા પાણીમાં પડે, તેને જ પક્ષી માનીને તેને પકડવા દોડનારા મત્સ્યના જ્ઞાન જેવું આ જ્ઞાન છે.

૧૩ મું મૌન અષ્ટક : શ્લોક ૪-૫

સર્વ વીતરાગ ભગવંતોએ આત્માનું જેવું સાચું સ્વરૂપ કહ્યું છે તેની શ્રદ્ધા વિનાનું, મનની માનેલી મિથ્યા કલ્પનાઓ યુક્ત શ્રદ્ધાવાળું દર્શન તે ખરેખર સાચું દર્શન જ નથી.

સર્વથા પરભાવના સંગ વિનાનો આત્મા છે. પરભાવનો સંગ મહા-ઉપાધિરૂપ છે. કારણ કે તેનાથી જ રાગ-દ્વેષ થાય છે. શરીરધારી હોવાથી ઉપચારે ભલે મૂર્ત છે તો પણ વાસ્તવપણે અમૂર્ત છે.

જ્ઞાનસ્વરૂપ તથા જ્ઞાનના આનંદસ્વરૂપ આ આત્મા છે. પોતાના સહજ સ્વભાવવાળો તથા દ્રવ્યથી નિત્ય, પર્યાયથી અનિત્ય, શરીરવ્યાપી આત્મા છે એવી પાકી શ્રદ્ધા તે જ સાચું દર્શન - સમ્યગ્દર્શન છે.

<u>શંકા</u> : અભેદજ્ઞાન કોને કહેવાય?

<u>સમાધાન</u> : અનુભવાત્મક જે શ્રુતજ્ઞાન છે કે જેનાથી ચિદ્ આત્માનું જ્ઞાન થાય છે. આત્માને જ પ્રધાનતાએ યથાર્થ રીતે જાણ્યું છે તેની જ લગની લાગે છે, તેમ જ સ્વરૂપને પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા જેની તીવ્ર બની છે સર્વ વસ્તુઓને ગૌણ કરીને આત્મદશામાં જ જે લયલીન થઈ જાય છે તેને અભેદજ્ઞાન અથવા ઉત્સર્ગજ્ઞાન કહેવાય છે.

૧૩ મું અષ્ટક: શ્લોક - ૬

યથા શોફસ્ય પુષ્ટત્વં, યથા વા વધ્યમંડનમ્
તથા જાનન્ ભવોન્માદમાત્મતૃપ્તો મુનિર્ભવેત્

શબ્દાર્થ: યથા = જેમ, શોફસ્ય = સોજાનું, પુષ્ટત્વં = પુષ્ટપણું, વા = અથવા, વધ્ય = વધ કરવા યોગ્ય, (ફાંસીની સજા જેને થઈ હોય તે), મંડનમ્ = સુશોભિત, શણગારવું, તથા = તેમ, જાનન્ = જાણનાર, ભવોન્માદં = ભવના ઉન્માદને, આત્મતૃપ્ત = આત્માના વિષે સંતુષ્ટ, મુનિ: = મુનિ, ભવેત્ = થાય છે.

શ્લોકાર્થ: જેમ સોજાથી શરીરનું પુષ્ટપણું અથવા વધારે ફાંસી આપવાની હોય ત્યારે તેના શરીરનો શણગારવું - આભૂષણ પહેરાવવા (તે સુખ આપનાર નહીં પણ દુઃખ જ આપનાર છે.) તેવું જ સંસારનું સ્વરૂપ છે એમ જાણતા મુનિ આત્મસ્વરૂપમાં જ તૃપ્ત થાય છે.

ભાવાર્થ: આત્મસાધના માટે મુનિપણું જો ગ્રહણ કર્યું હોય, મોક્ષપ્રાપ્તિ માટેના પુરુષાર્થનું જ જો લક્ષ્ય હોય તો મુનિની સંસાર પ્રત્યેની દૃષ્ટિ જ બદલાઈ જાય છે. અને મુનિનો વ્યવહાર પણ એવો જ શુદ્ધ રહે છે.

મોક્ષ પામવાના ધ્યેય સાથે મુનિ બન્યા હોય, પણ પછી વ્યવહારમાં લોકસંજ્ઞાથી ચાલતા હોય અને આખો દિવસ સતત બહિર્મુખતામાં જ પસાર થઈ જતો હોય તો સમય જતાં એવો ભ્રમ પેદા થવાનો સંભવ છે કે પોતાના કરતાં લોકો કેવું સરસ સુખ ભોગવે છે. એમનો (લોકોને) ધન-વૈભવની, ભોગ સામગ્રીની કેટલી બધી અનુકૂળતા છે.

ખરેખર તો મુનિએ એમ વિચારવું જોઈએ કે લોકો જે સુખ ભોગવે છે તે તો સંસારનો એક પ્રકારનો ઉન્માદ છે. જેવો આ ઉન્માદ પૂરો થશે એટલે એ બધા લોકો પોતપોતાના કર્મ અનુસાર ક્યાંય ફેંકાઈ જશે.

ગ્રંથકારે સાંસારિક સુખો માટે અહીં બે ઉપમા આપી છે.

૧૩ મું અષ્ટક: શ્લોક - ૬

કોઈ માણસને શરીરે સોજા ચઢ્યા હોય અને એ એમ માને કે પોતે કેવો હૃષ્ટપુષ્ટ થયો છે. કેવી સરસ તબિયત બનાવી છે, તો આ એનો ભ્રમ છે. સોજા એ તો રોગની નિશાની છે. એ તો શરીરને પાયમાલ કરનાર છે. સોજાનું જાડાપણું ખોટું હોય તે તરત શરીર જાડુ ન રહે.
તેવી રીતે સંસારના ભોગો મજાના લાગે છે પણ વસ્તુતઃ એ એક પ્રકારનો ઉન્માદ છે. એક પ્રકારનો સોજો છે, જે પૂર્વબદ્ધ કર્મના ઉદયને કારણે બન્યા છે.

બીજી ઉપમા ફાંસીના કેદીની આપી છે. જૂના વખતમાં, કેટલાક રાજાઓના રાજ્યોમાં એવી પ્રથા હતી કે જે ગુનેગારને ફાંસીની સજા થઈ હોય એને વધસ્થાને જ્યારે લઈ જવાતો હોય ત્યારે તેને ઢોલનગારાં સાથે વાજતેગાજતે લઈ જવામાં આવતો કે જેથી એ દૃશ્ય જોનાર લોકોને ચેતવણી મળે કે મોટા ગુના કરશો તો આ રીતે ફાંસીની સજા મળશે. એ કેદીના ગળામાં ગુલાબ કે મોગરાના ફૂલની માળા નહિ પણ કરેણના ફૂલની માળા પહેરાવવામાં આવતી હતી.
એ વખતે ગુનેગાર કેદી એમ માને કે મને કેટલું બધું માન-સન્માન રાજ્ય તરફથી મળે છે. હું કેવો સુખી છું. ત્યારે લોકોને તો એ હાસ્યાસ્પદ અને તિરસ્કારભર્યું લાગે.

ભવનું સ્વરૂપ પણ આવું જ છે. "દેખાય સુખભરી પણ છે દુઃખભરી". આમ જાણતા મુનિ કે જેમણે સમસ્ત પ્રકારની પરભાવની પરિણતિ ત્યજી (છોડી) દીધી છે તેવા મુનિ આત્મામાં જ તૃપ્ત થાય છે. ગુણોમાં જ તૃપ્ત રહે છે.

આ સંસારનું સ્વરૂપ અસાર છે એટલે કે સાર વિનાનું છે, ભોગવવા યોગ્ય નથી. એમ જાણીને ત્યાગી મુનિ ભવસુખમાં મગ્ન ન બનતાં આત્મસ્વરૂપમાં જ મગ્ન બને છે. આત્મતત્ત્વના ચિંતન - મનનમાં જ એકાગ્ર બને છે.

૧૩ મું મૌન અષ્ટક: શ્લોક - ૭

સુલભં વાગનુચ્ચારં, મૌનમેકેન્દ્રિયેષ્વપિ
પુદ્ગલેષ્વપ્રવૃત્તિસ્તુ, યોગાનાં મૌનમુત્તમમ્

શબ્દાર્થ: સુલભં = સુલભ, સુખેથી પ્રાપ્ત થઈ શકે એવું; વાગનુચ્ચારં = વાણીના નહિ ઉચ્ચારવારૂપ, મૌનં = મૌન, એકેન્દ્રિયેષુ = એકેન્દ્રિયોમાં, અપિ = પણ; પુદ્ગલેષુ = પુદ્ગલોમાં, અપ્રવૃત્તિ = પ્રવૃત્તિ ન હોવી, તુ = પણ, યોગાનાં = યોગોની, મન, વચન અને કાયાના યોગોની, ઉત્તમમ્ = શ્રેષ્ઠ

શ્લોકાર્થ: વાણીના નહિ ઉચ્ચારવારૂપ મૌન તો એકેન્દ્રિય જીવોમાં પણ સુખેથી પ્રાપ્ત થઈ શકે એવું છે, પરંતુ પુદ્ગલોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ ન હોવી તે શ્રેષ્ઠ મૌન છે.

ભાવાર્થ: "બોલવું નહિ", "શબ્દ-પ્રયોગ ન કરવો", તે વ્યવહારમાં મૌન કહેવાય છે. આવું મૌન તો ઘણા મનુષ્યો ધારણ કરતાં દેખાય છે. પરંતુ અહીં એવા મૌનની મહત્તા બતાવવામાં આવી નથી.

મુખેથી ન બોલવા-રૂપ મૌન તો પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય જેવા એકેન્દ્રિય જીવોમાં પણ હોય છે. આ પ્રકારનું મૌન કંઈ મુક્તિ અપાવે નહિ. જો એમ બને તો બધા જ એકેન્દ્રિય જીવો મૌનવ્રતધારી હોવાથી મોક્ષે જાય, પણ આવું બનતું નથી. તેથી સમજાય છે કે મૌન શબ્દનો અર્થ મોક્ષની સાધનામાં કંઈક બીજો જ છે.

યોગોની પુદ્ગલ ગ્રહણ કરવારૂપ પ્રવૃત્તિને રોકવી તેને અહીં મૌન કહેવામાં આવ્યું છે. મન-વચન અને કાયાના યોગોની સર્વથા અપ્રવૃત્તિરૂપ એટલે કે યોગનિરોધરૂપ મૌન તો ચૌદમા ગુણસ્થાનકે હોય છે. સિદ્ધ પરમાત્માને તો મન, વચન અને કાયાના યોગ જ હોતા નથી.

આત્માથી ભિન્ન પદાર્થોનું ચિંતન ન કરવું, વિચાર ન કરવો

૬૩ મું મૌન અષ્ટક: શ્લોક-૭

તે મનનું મૌન છે. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ વગેરેના અશુભ વિચારોનો ત્યાગ કરવો તે મનનું મૌન છે.

જૂઠ ન બોલવું. અપ્રિય અને અહિતકારી વચનો ન બોલવા, કુભાવવાળા વચનો ન બોલવા એ વચનનું મૌન છે.

કાયાથી પુદ્‌ગલભાવ પોષાય તેવી પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે કાયાનું મૌન છે.
આ મૌનનું નિષેધાત્મક (Negative) સ્વરૂપ છે.
મૌનનું વિધેયાત્મક (Positive) સ્વરૂપ પણ છે. જેમકે:-

મનમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ ત્યાગના વિચારો કરવા. તે મનનું મૌન.
વાણીથી શાસ્ત્રસ્વાધ્યાય અને પરમાત્મસ્તુતિ એ વચનનું મૌન
કાયાથી આત્મભાવ તરફ લઈ જતી ક્રિયાઓ કરવી તે તનનું મૌન.

ટૂંકમાં, મન, વચન અને કાયાની વૃત્તિ, પ્રવૃત્તિનો સારી આધ્યાત્મિક દિશામાં વાળવી એનો અમુક અપેક્ષાએ મૌન કહેવામાં આવે છે.
પરંતુ આત્માને પુદ્‌ગલના ભાવોમાંથી નિવૃત્ત કરવાનો પ્રયત્ન કરવો તથા શુભાશુભ વૃત્તિ-પ્રવૃત્તિઓમાં આત્માને ન જોડતાં જ્ઞાતાદૃષ્ટા ભાવે રહેવું એ મૌન સર્વશ્રેષ્ઠ છે.

૧૩ મું અષ્ટક: શ્લોક-૯

જ્યોતિર્મયીવ દીપસ્ય, ક્રિયા સર્વાઽપિ ચિન્મયી
યસ્યાનન્યસ્વભાવસ્ય, તસ્ય મૌનમનુત્તરમ્

<u>શબ્દાર્થ</u>: જ્યોતિર્મયી = જ્યોતિર્મય, પ્રકાશમય, ઈવ = જેમ, દીપસ્ય = દીવાની, ક્રિયા: = ક્રિયા, દીપશિખા આડી અવળી થવારૂપ ક્રિયા, સર્વાઽપિ = બધીય, ચિન્મયી = જ્ઞાનમય, યસ્ય = જેની, જે આત્માની, અનન્યસ્વભાવસ્ય = અનન્ય સ્વભાવરૂપ, તસ્ય = તેનું, મૌનં = મૌન, મુનિપણું, અનુત્તરમ્ = ઉત્કૃષ્ટ

<u>શ્લોકાર્થ</u>: જેમ દીવાની બધીય ક્રિયા (જ્યોતિની ઊંચે-નીચે, આડી-અવળી થવારૂપ ક્રિયા) પ્રકાશમય છે, (તેમ) અનન્યસ્વભાવનો ભાવ પામેલ (આત્મદશા વિના અન્ય પદાર્થોમાં જેને રસ નથી એવા) એવા આત્માની સર્વ ક્રિયા જ્ઞાનમય છે. તેનું મુનિપણું (મૌન) ઉત્કૃષ્ટ છે.

<u>ભાવાર્થ</u>: મૌન અષ્ટકનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી સર્વોત્કૃષ્ટ મૌન કેવું હોય તે સમજાવે છે. તે માટે દીપકની જ્યોતનું ઉદાહરણ આપ્યું છે દીપકની જ્યોત ઘડીકમાં સીધી, તો ઘડીકમાં તિરછી, ઘડીકમાં નીચી વળે છે અને પાછી સીધી થઈ જાય છે આમ છતાં પ્રકાશ આપવાનું કાર્ય દીપક બરાબર કરે છે. દીપકની સઘળી ક્રિયા જ્યોતિર્મય હોય છે.

તેવી રીતે જ્ઞાનદૃષ્ટિવાળા મુનિની, મન, વચન અને કાયાની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય છે. તેમની આહાર, વિહાર, શાસ્ત્રસ્વાધ્યાય, આત્મધ્યાન વગેરે સર્વક્રિયાઓ જ્ઞાનમય હોય છે. તેઓના મન, વચન, અને કાયાના યોગો પુદ્ગલાદિકથી વિરામ પામેલા હોય છે. એટલે કે તે પ્રત્યે એમને કોઈ આસક્તિ કે દુર્ભાવ હોતા નથી.

જ્ઞાન હોવું અલગ વાત છે અને જ્ઞાનદૃષ્ટિ હોવી અલગ વાત છે. જ્ઞાન હોય છતાં જ્ઞાનદૃષ્ટિ ન હોય તેવું બને. ક્રિયા એકની એક હોય, પરંતુ મોહદૃષ્ટિનો પ્રભાવ તે ક્રિયાને ભવ પતન તરફ લઈ જાય છે. જ્ઞાનદૃષ્ટિનો પ્રભાવ એ ક્રિયાને મોક્ષ તરફ લઈ જાય છે. આ પ્રકારનું મૌન ઉત્કૃષ્ટ ગણાય છે.